Vyapar (Guj.)

EDII

July 29, 2020
Pg. No.5

# ટીસીએસ આઈઓનએ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ શરૂ કર્યો

તાતા કન્સલ્ટન્સી સર્વિસીસનાં એકમ ટીસીએસ આઈઓન (TCS iON)એ રોજગારલક્ષી અભ્યાસક્રમ યૂથ એમ્પ્લોયેબિલિટી એન્ડ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ (YEEP) શરૂ કર્યો છે. આ પ્રોગ્રામનો ઉદ્દેશ ડિપ્લોમા, આઇટીઆઈ અને અન્ય રોજગારલક્ષી કાર્યક્રમોમાં અભ્યાસ કરતા યુવાનોમાં ઉદ્યોગસાહસિક્તા વિકસાવવાનો છે. આ પ્રોગ્રામ ઉદ્યોગસાહસિક્તાના શિક્ષણ, સંશોધન, તાલીમ અને સંસ્થાગત નિર્માણના ક્ષેત્રમાં રાષ્ટ્રીય સંસાધન સંસ્થા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈઆઈ)ના સહયોગમાં તૈયાર કરાયો છે. ટીસીએસ આઈઓનના ગ્લોબલ હેડ વેંગુસ્વામી રામાસ્વામીએ કહ્યું કે, 'ભારતીય યુવા પેઢીને સ્વરોજગારી માટે પ્રોત્સાહન આપવા ઉદ્યોગસાહસિક્તા વિકસાવવાની જરૂર છે. આ પ્રોગ્રામ તેમને સ્વનિર્ભરતા તરફ દોરી જશે અને તેમનો આત્મવિશ્વાસ વધારશે.' ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યું કે, 'અત્યારે વ્યવસાયોએ સફળતા મેળવવા જ્ઞાન, કુશળતા અને અભિગમની જરૂર છે. કટોકટી અને મોટી મુશ્કેલીમાં આ ત્રણ પરિબળો વ્યક્તિને ઉપયોગી પુરવાર થશે. હાલનાસંજોગોમાં દરેક ઉદ્યોગસાહસિક માટે બજાર અને એની ચાલને સમજવી અતિ મહત્ત્વપૂર્ણ બાબત છે.'